Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2023
JULY
૧ જુલાઈ, ૨૦૨૩

THE SUPREME HAPPINESS

પરમ સુખ

To turn towards Thee, unite with Thee, live in Thee and for Thee, is supreme happiness, unmixed joy, immutable peace; it is to breathe infinity, to soar in eternity, no longer feel one's limits, escape from time and space. Why do men flee from these boons as though they feared them? What a strange thing is ignorance, that source of all suffering! How miserable that obscurity which keeps men away from the very thing which would bring them happiness and subjects them to this painful school of ordinary existence fashioned entirely from struggle and suffering!

– The Mother

Prayers and Meditations
18 June 1913*

તારા પ્રતિ અભિમુખ થવું, તારી સાથે સાયુજ્ય પામવું, તારામાં અને તારા અર્થે જીવન ધારણ કરવું, એ છે પરમ સુખ, અમિશ્ર આનંદ, અવિચલ શાંતિ; એ છે અનંતતાનો ઉચ્છ્વાસ લેવો, શાશ્વતીમાં ઊંચે ઊંચે ચડી જવું, પોતાની મર્યાદાઓનો વધુ અનુભવ ન કરવો, સ્થળ અને કાળમાંથી છૂટી જવું. આ વરદાનોથી જાણે કે લોકો ડરતા હોય તેમ તેમનાથી કેમ દૂર ભાગતા હશે ? દુ:ખમાત્રનું મૂળ એવું આ પેલું અજ્ઞાન, એ તે કેવી વિચિત્ર વસ્તુ છે ! આ અંધકાર મનુષ્યોને જે એકમાત્ર વસ્તુ તેમને સુખ આપી શકે છે તેની જ પાસે જતાં રોકી રાખે છે, આ અંધકાર મનુષ્યોને નર્યા સંઘર્ષ અને વેદનાથી ઘડાયેલા આ સામાન્ય જીવનની દુ:ખપૂર્ણ નિશાળમાં જકડી રાખે છે એ કેવી તો કરુણ દશા છે !

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૧૮ જૂન ૧૯૧૩*

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● July 2023
https://themothersprosperity.org

The Parts of Sadhana ...

Sadhana is the Practice of Yoga.

Tapasya is the concentration of the will to get the result of sadhana and to conquer the lower nature.

Aradhana is worship of the Divine, love, self-surrender, aspiration to the Divine, calling the name, Prayer.

Dhyana is inner concentration of the consciousness, meditation, going inside in Samadhi.

Dhyana, tapasya and aradhana are all parts of sadhana.

– Sri Aurobindo

Complete Works of Sri Aurobindo

29:215

સાધનાનાં અંગો ...

સાધના એટલે યોગમાર્ગનું અનુસરણ.

તપસ્યા એટલે સાધનાનાં પરિણામો પ્રાપ્ત કરવા માટેની અને નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટેની એકાગ્ર સંકલ્પશક્તિ.

આરાધના એટલે પ્રભુની ભક્તિ, પ્રભુ પ્રત્યે પ્રેમ, આત્મસમર્પણ, અને અભીપ્સા, એનું નામ-સ્મરણ, પ્રાર્થના.

ધ્યાન એટલે ચેતનાનું અંતરમાં કેન્દ્રિત થવું, વૃત્તિઓનું એક ધારામાં વહન, સમાધિમાં પ્રવેશ.

ધ્યાન, તપસ્યા અને આરાધના બધાં સાધનાનાં અંગો છે.

– શ્રી અરવિન્દ

'યોગ પર દીપ્તિઓ.' ૧૯૯૭; પૃ ૧૩૪